# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)
ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત વાર્ષિક પરીક્ષા જૈનશાળા/મહિલામંડળનું પેપર
તા. ૨૩-૦૮-૨૦૧૫ • સમય: બપોરે ૨ થી ૫ • શ્રેણી : ૧૭ • ગુણ : ૧૦૦
(Dharmik Shikshan Board Certificate Course Level : 17)

પ્ર. : ૧. (૧૫)

ક) મન, વચન અને કાયાનો પાંચમો દોષ અર્થ સહિત લખો : ૩

ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૮

(૧) છેદસૂત્ર એટલે શું ? તે કેટલા છે ? કાલિક છે કે ઉત્કાલિક ?
(૨) પ્રજ્ઞાપના સૂત્રમાં કયા વિષયોનું વર્ણન છે ? આગમ શૈલી કઈ છે?
(૩) આકાશ સંબંધી અસજ્ઝાયમાં 'નિર્ઘાત'ની અસજ્ઝાય સમજાવો.
(૪) કારતક સુદ પૂનમનો અસ્વાધ્યાય કેમ કહ્યો છે ?

ગ) નીચેના શબ્દોના અર્થ લખો : ૧) કિત્તઈસ્સં ૨) ન તીરિયં ૩) સવ્વન્નુણં ૪) ઉત્તિંગ ૨

ઘ) નીચેના પ્રશ્નોના જવાબ આપો : ૨

(૧) અભગ્ગો એટલે શું ? અવિરાહિઓ એટલે શું ?
(૨) આલોચના સૂત્રનો પાઠ (સામાયિકમાં) કયો ? શા માટે ?

પ્ર. : ૨. આચારાંગ સૂત્ર, શ્રુતસ્કંધ-૧ના આધારે જવાબ લખો : (૫)

(૧) કામ-આસક્ત સ્ત્રીઓ સાથે પ્રભુનો વ્યવહાર કેવો હતો ? ૧
(૨) ભગવાન કેવાં વસ્ત્રો ધારણ કરતા ન હતા ? ૧
(૩) ભગવાનનો શીત પરિષહ લખો. ૩

પ્ર. : ૩. ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(૧) ધર્મના પ્રકાર કયા ? અને તેના પેટાપ્રકાર કયા ?
(૨) સ્થિતિ બે પ્રકારની કઈ છે ?
(૩) ઉન્માદ એટલે શું ? તેના પ્રકાર લખો.
(૪) ઉદ્વર્તન એટલે શું ? તે કોનું થાય છે ?
(૫) કયા બે સ્થાનથી આત્મા કેવળી પ્રરૂપિત ધર્મશ્રવણને પ્રાપ્ત કરે છે ?

પ્ર. : ૪. જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો : (૧૦)

(૧) ઉજ્ઝિકાને શું કામ સોંપવામાં આવ્યું ?
(૨) રોહિણી ઘણા લોકોની પ્રશંસાને પાત્ર શા માટે બની ? કેવી રીતે ?
(૩) જે સાધુ રોહિણી જેવા હોય તે કેવા હોય છે ?
(૪) ભોગવતીએ પાંચ દાણાનું શું કર્યું ? ભોગવતી જેવા સાધુની શી દશા થાય છે ?
(૫) કૃષ્ણ પક્ષની એકમનો ચંદ્ર પૂનમના ચંદ્રની અપેક્ષાએ શેમાં શેમાં હીન હોય છે ?

પ્ર. : ૫. ક) ઉપાસક દશાંગના આધારે જવાબ લખો : (૧૦)

(૧) આનંદ શ્રાવકને કેટલું અવધિજ્ઞાન થયું હતું ?
(૨) આનંદ શ્રાવકની મુખવાસ અને સ્નાનવિધિની મર્યાદા લખો.
(૩) ગૌતમસ્વામી આનંદ શ્રાવકના ઘરે બીજીવાર કેમ જાય છે ?
(૪) આનંદ શ્રાવકનો સંથારો કેટલો રહ્યો ? કાળ કરી ક્યાં ઉત્પન્ન થયા ?
(૫) આનંદ શ્રાવકને શ્રમણ નિર્ગ્રંથોને શું અને કેવું વહોરાવવું કલ્પતું હતું ?

(પાછળ જુઓ)

પ્ર. : ૫. ખ) અંતગડ દશાંગ સૂત્રના આધારે જવાબ લખો : (૫)

(૧) અંતગડ દશાંગ સૂત્ર કેટલામું છે ? તેના વર્ગ કેટલા છે ? ૧

(૨) ગૌતમકુમારે સંસારને કેવો કહ્યો છે ? ૩

(૩) અંતકૃત એટલે શું ? ૧

પ્ર. : ૬. અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો : (૫)

(૧) જાલિકુમારે પ્રત્યેક પત્નીને શું શું આપ્યું ? ૧

(૨) જાલિકુમારનો જન્મોત્સવ કોના જેવો હતો ? તપ કોની જેમ કર્યું ? ૧

(૩) જાલિ અણગારના ગુણો કયા હતા ? ૨

(૪) અનુત્તરોવવાઈના પ્રથમ વર્ગના દસ અધ્યયનમાંથી ૧
છઠ્ઠું અને સાતમું અધ્યયન કોનું છે ? તેના નામ લખો.

પ્ર. : ૭. કડી પૂર્ણ કરો અને ભાવાર્થ લખો (શબ્દાર્થ નહીં) (૧૫)

(૧) વયં ચ ................ જહા (૨) જેય ................ વુચ્ચઈ

(૩) ઉદ્દિસિયં ................ વીયણે (૪) અણુત્તરં ............ વિસિટ્ઠે

(૫) દાણાણં ................ નાયપુત્તે

પ્ર. : ૮. થોકડાના આધારે ઉત્તર આપો : (૧૦)

(૧) લાંતક અને નવનિકાયનું સુખ કોણ ઉલ્લંઘી જાય ? ૧

(૨) ગર્ભમાં રહેલો જીવ મરીને કયા કારણથી દેવલોકમાં ઉત્પન્ન થાય છે ? ૨

(૩) દેવો અંતકાળ નજીક જાણીને શું ચિંતા કરે છે? ત્યાંથી ક્યાં ઉત્પન્ન થાય છે? ૩

(૪) ગર્ભસ્થ જીવના શરીરમાં માતાના અને પિતાના કેટલાં અંગ હોય છે ? ૨

(૫) ગર્ભ વિચાર કયા આગમનો અધિકાર છે ? ૧

(૬) ગર્ભસ્થ જીવને મળ-મૂત્ર હોય છે ? હોય તો શા માટે ? ૧
અને ન હોય તો શા માટે ?

પ્ર. : ૯. થોકડાના આધારે ઉત્તર લખો : (૧૦)

(૧) શ્વાસોચ્છ્વાસ કાળ લખો : (૧) ૪થું દેવલોક ૨) સુદંસણે ગ્રૈવેયક ૪
(૩) જયંત વિમાન ૪) જ્યોતિષી દેવ

(૨) તિર્યંચમાં આહારાદિ સંજ્ઞા આશ્રી અલ્પબહુત્વ લખો. ૨

(૩) મનુષ્યમાં ક્રોધાદિ સંજ્ઞા આશ્રી અલ્પબહુત્વ લખો. ૨

(૪) આભ્યુપગમિકી વેદના એટલે શું ? દંડક કેટલા ? ૧

(૫) દેવમાં કઈ વેદના ન હોય ? નારકીમાં કઈ વેદના ન હોય ? ૧

પ્ર. : ૧૦. આગમ પરંપરાના આધારે જવાબ લખો : (૫)

(૧) ભગવાન મહાવીરનું કેવળજ્ઞાન કલ્યાણક કયાં અને ક્યારે થયું ? ૨

(૨) ત્રીજા, છઠ્ઠા અને નવમા પૂર્વનું નામ અને વિષય લખો. ૩

"જય જિનેન્દ્ર"